અનેકાંતવાદની મર્યાદા

લેખક પં૦ સુખલાલજી

સં૦ ૧૯૮૬ પ્રત પ૦

પ્રકાશકઃ–
એસ૦ જે૦ શાહ.
માદલપુર–અમદાવાદ.

ઉત્કૃષ્ટ મુદ્રણાલય,
મુદ્રકઃ પટેલ પુરુષોત્તમદાસ શંકરદાસ
ફર્નાન્ડબ્રીઝ–પૂલ રીચીરોડ–અમદાવાદ.

કિંમત બે આના પોસ્ટેજ બે પૈસા

અમારાં પ્રકાશનો

આધ્યાત્મિક વિકાસક્રમ	(પં૦ સુખલાલજી)	૦।=
અનેકાંતવાદની મર્યાદા	,,	૦)=
મહાવીરજીવનનો મહિમા	(પં. બેચરદાસ)	૦)=
બિલેરી પહાડ	(બાલસાહિત્ય)	૦)≡
ગોવિંદનું ખેતર અને બીજી વાતો	(ધૂમકેતુ)	૦)=
વીરાંગના અને બીજી વાતો	,,	૦)=

સોલ એજન્સી

ગૂજરાત પુરાતત્ત્વમંદિર

એજંટ

સૌરાષ્ટ્ર, દક્ષિણામૂર્તિ, ગાંડિવ, બાલજીવન, નવજીવન-પ્રકાશન મંદિર, ગૂ૦ વિદ્યાપીઠ, સ્વાધ્યાયમંડળ, (ઔંધ) ચરોતરએજ્યુકેશન સોસાયટી આર્હતમતપ્રભાકરકાર્યાલય, નિર્ણયસાગરપ્રેસ, જૈન કૉન્ફરન્સ, આત્માનંદ સભા-જૈનધર્મ પ્રસારક સભા, પુસ્તકાલય સહાયક મંડળ, બાળક કાર્યાલય, હિંદી ગ્રંથરત્ન કાર્યાલય, ગાયકવાડ સિરીઝ, સરસ્વતી ગ્રંથમાલા, કૌમુદીકાર્યાલય, ગૂ૦ સાહિત્યમંદિર બાલગ્રંથાવલી, સસ્તુ-સાહિત્ય કાર્યાલય; એમ. સી. કોઠારી.

અનેકાંતવાદની મર્યાદા

પં૦ સુખલાલજી
અધ્યાપક ગૂજરાત વિદ્યાપીઠ

જૈન ધર્મનું મૂળ શું ?

કોઇ પણ વિશિષ્ટ દર્શન હોય કે કોઇ પણ ધર્મપંથ હોય એ દરેકના મૂલ પ્રવર્તક પુરુષની એક ખાસ દૃષ્ટિ હોય છે. દા૦ ત૦ શંકરાચાર્યની પોતાના મતનિરૂપણમાંની 'અદ્વૈત-દૃષ્ટિ' અને ભગવાન બુદ્ધની પોતાના ધર્મપંથપ્રવર્તનમાં 'મધ્યમ પ્રતિપદાદૃષ્ટિ'. જૈન દર્શન પણ ભારતીય દર્શનોમાં એક વિશિષ્ટ દર્શન છે અને તે સાથે એ એક ધર્મપંથ પણ છે; તેથી તેના મૂલ પ્રવર્તક પુરુષની ખાસ દૃષ્ટિ તેના મૂલમાં હોવી જોઇએ અને તે છે પણ, એ દૃષ્ટિ જ 'અનેકાંતદૃષ્ટિ કહેવાય છે. તાત્ત્વિક જૈન વિચારણા અથવા તો આચાર-વ્યવહાર એ ગમે તે હોય, પરંતુ એ દરેક અનેકાંતદૃષ્ટિ પર રચાયેલા છે અને તેના પર જ આખી વિચારધારા અવલંબે છે. અનેક પ્રકારના વિચાર અને આચારોમાં જૈન વિચાર અને આચાર કયા છે, તેની રચના કેવી રીતે થઇ છે આદિનો નિશ્ચય કરવાની અને તેની પરીક્ષા કરવાની એક જ કસોટી એ 'અનેકાંતદૃષ્ટિ' છે.

અનેકાંતનો વિકાસ અને તેનું શ્રેય

જૈન દર્શનનું આધુનિક મૂલરૂપ ભગવાન મહાવીરની તપસ્યાનું ફલ છે; તેથી સામાન્યતઃ એમ સમજી શકાય કે જૈન દર્શનની આધારભૂત અનેકાંતદષ્ટિ ભ૦ મહાવીર દ્વારા જ પહેલ વહેલાં સ્થિર યા ઉત્પન્ન કરાયેલ હોવી જોઇએ. પરંતુ વિચારના વિકાસક્રમનું ચિંતન કરવાથી સાફ માલુમ પડે છે કે અનેકાંતદષ્ટિનું મૂલ ભ૦ મહાવીરથી પણ જૂનું છે. એ બરાબર છે કે અનેકાંતદષ્ટિનું જે સ્વરૂપ આજે વ્યવસ્થિત અને વિકસિત રૂપે મળે છે તે સ્વરૂપ ભ૦ મહાવીરના પૂર્વવર્તી કોઇ જૈન યા જૈનેતર સાહિત્યમાં લભ્ય નથી: તો પણ ભ૦ મહાવીરના પૂર્વવર્તી વૈદિક સાહિત્યમાં અને તેમના સમકાલીન બૌદ્ધ સાહિત્યમાં પણ અનેકાંતદષ્ટિગર્ભિત છૂટા છવાયા વિચાર ઓછાવત્તા મળે છે. તે સિવાય ભ૦ મહાવીરના પૂર્વવર્તી ભ૦ પાર્શ્વનાથ પણ થયા છે. જેમના વિચાર તેમના પોતાના અસલ શબ્દોમાં આજે મળતા નથી; તોપણ તેમણે અનેકાંતદષ્ટિનું સ્વરૂપ સ્થિર કરવામાં અને તેને વિકસાવવામાં કાંઇને કાંઇ ફાળો જરૂર આપ્યો છે એમ માલૂમ પડે છે, આમ હોવા છતાં પણ ઉપલબ્ધ સાહિત્યનો ઇતિહાસ સ્પષ્ટ રૂપમાં એમ કહે છે કે ૨૫૦૦ વર્ષના ભારતીય સાહિત્યમાં અનેકાંતદષ્ટિનો જે થોડી ઘણી પણ અસર છે અથવા ખાસ કરીને જૈન વાઙ્મયમાં અનેકાંતદષ્ટિની શરૂઆત થઇ, તેમાં ક્રમશઃ જે વિકાસ થયો અને જેને બીજા સમકાલીન દાર્શનિક વિદ્વાનોએ પોતપોતાના ગ્રંથોમાં કોઇને

કોઇ રૂપે સ્વીકાર્યો છે તેનું શ્રેય તો ભ૦ મહાવીરને જ છે. કારણ એ છે કે આપણે આજે જોઇ શકીએ છીએ કે જૈન પ્રાચીનતમ ગ્રંથોમાં અનેકાંતદૃષ્ટિની વિચારધારા જે રૂપમાં મળે છે તેવા સ્પષ્ટ રૂપમાં બીજા કોઇ પ્રાચીન ગ્રંથોમાં તે મળી શકતી નથી.

નાલંદાના પ્રસિદ્ધ બૌદ્ધ વિદ્યાપીઠના આચાર્ય શાંતરક્ષિત પોતાના 'તત્ત્વસંગ્રહ' ગ્રંથમાં અનેકાંતવાદની પરીક્ષા કરતાં કહે છે કે 'વિપ્ર–મીમાંસક, નિર્ગ્રંથ–જૈન અને કાપિલ –સાંખ્ય એ ત્રણેના અનેકાંતવાદનું સમાનરૂપે ખંડન થાય છે' એ વાતથી એમ જણાય છે કે સાતમી, આઠમી સદીના બૌદ્ધ આદિ વિદ્વાન અનેકાંતવાદને માત્ર જૈન દર્શનનો જ વાદ નહોતા સમજતા; પરંતુ તેઓ માનતા હશે કે મીમાંસક, જૈન અને કાપિલ એ ત્રણે દર્શનોમાં અનેકાંતવાદનો આશ્રય લેવાયો છે, અને તેમ માનીને તેઓ અનેકાંતવાદનું ખંડન કરતા. જ્યારે મીમાંસક દર્શનના શ્લોકવાર્તિક આદિ અને સાંખ્ય–યોગ દર્શનના પરિણામવાદસ્થાપક પ્રાચીન ગ્રંથો જોઇએ છીએ ત્યારે સંદેહ વિના એમ માલુમ પડે છે કે જૈન ગ્રંથોની માફક તે ગ્રંથોમાં પણ અનેકાંતદૃષ્ટિમૂલક વિચારણા છે. આમ હોવાથી આ૦ શાંતરક્ષિત જેવા વિવિધ દર્શનાભ્યાસી વિદ્વાનના આ કથનમાં અમને જરા પણ સંદેહ લાગતો નથી કે મીમાંસક, જૈન અને કાપિલ એ ત્રણે દર્શનોમાં અનેકાંતવાદનું અવલંબન છે. આ૦ શાંતરક્ષિતના આ કથનને સ્વીકારવા છતાંય અને મીમાંસક તેમજ યોગ

દર્શનના ગ્રંથો તપાસવા છતાંય એક વાત એ કહેવાની છે કે અનેકાંતદષ્ટિ મીમાંસક અને સાંખ્ય દર્શનમાં હોવા છતાં પણ તે જૈન દર્શનના ગ્રંથોની માફક અતિ સ્પષ્ટ કે વ્યાપક રૂપમાં મળતી નથી. જૈન વિચારકોએ જેટલું જોર અને જેટલા વિચાર અનેકાંતદષ્ટિના નિરૂપણમાં વાપર્યા છે, તેનો શતાંશ ભાગ પણ જૈનેતર કોઇ પણ દર્શનના વિદ્વાનોએ વાપર્યો નથી. આજ કારણથી જ્યારે કોઇ 'અનેકાંતવાદ કે સ્યાદ્વાદ'નો નામોચ્ચાર કરે છે ત્યારે તેને સાંભળનાર વિદ્વાન સહજ ભાવે તેમાં જૈન દર્શનનો ભાવ ગ્રહણ કરે છે. આજના ઘણા ખરા વિદ્વાન સામાન્યત: એમ સમજે છે કે સ્યાદ્વાદ તો જૈનોનો એક વાદ છે; આવી સમજનું કારણ એ છે કે જૈન વિદ્વાનોએ સ્યાદ્વાદના નિરૂપણ અને સમર્થનમાં ઘણા વિસ્તૃત ગ્રંથો લખ્યા છે, અનેક યુક્તિઓ તેમાં વાપરી છે અને અનેકાંતવાદરૂપ શસ્ત્રના બળથી તેમણે બીજા દાર્શનિક વિદ્વાનો સાથે કુસ્તી પણ ખેલી છે.

આ ચર્ચાથી બે વાત સ્પષ્ટ થાય છે; એક તો એ કે ભ૦ મહાવીરે પોતાના ઉપદેશમાં અનેકાંતવાદનો સ્પષ્ટ આશ્રય લીધો તેવો તેમના પૂર્વવર્તી કે સમકાલીન દર્શનપ્રવર્તકોમાંના કોઇએ નથી લીધો; બીજી વાત એ છે કે ભ૦ મહાવીરના અનુયાયી જૈન આચાર્યોએ અનેકાંતદષ્ટિના નિરૂપણ કે સમર્થનમાં જેટલી શક્તિ વાપરી છે તેટલી બીજા કોઇ દર્શનના અનુગામી આચાર્યોએ વાપરી નથી.

અનેકાંતદષ્ટિના મૂળ તત્ત્વો

જ્યારે સમસ્ત જૈન વિચાર અને આચારનો આધાર માત્ર અનેકાંતદષ્ટિ છે ત્યારે તો સૌથી પહેલાં એ તપાસવું જોઇએ કે અનેકાંતદષ્ટિ કયા તત્ત્વોના આધારે રચાઇ છે. વિચાર કરતાં તેમજ અનેકાંતદષ્ટિના સાહિત્યનું અવલોકન કરતાં એમ માલુમ પડે છે કે અનેકાંતદષ્ટિ સત્ય પર રચાયેલી છે. જો કે સર્વ મહાન પુરુષો સત્યને જ પસંદ કરે છે અને તેની શોધ તેમજ તેના નિરૂપણમાં પોતાનાં જીવન સમર્પી દે છે તો પણ દરેકની સત્યનિરૂપણની પદ્ધતિ અને સત્યની શોધ એક સરખી હોતી નથી. બુદ્ધદેવ જે શૈલીથી સત્યનું નિરૂપણ કરે છે અથવા શંકરાચાર્ય ઉપનિષદોના દોહનદ્વારા સત્યને જે રીતે પ્રકાશિત કરે છે તેનાથી ભ૦ મહાવીરની સત્યપ્રકાશનશૈલી જુદી છે. ભ૦ મહાવીરની સત્યપ્રકાશન-શૈલીનું બીજું નામ જ 'અનેકાંતવાદ' છે. તેના મૂળમાં બે તત્ત્વો છે; (૧) પૂર્ણતા અને (૨) યથાર્થતા. જે પૂર્ણ હોય અને પૂર્ણ હોવા છતાં પણ યથાર્થ જણાતું હોય તે જ સત્ય છે.

અનેકાંતની શોધનો ઉદ્દેશ અને તેના પ્રકાશનની શરતો

વસ્તુનું પૂર્ણરૂપે ત્રિકાલાબાધિત-યથાર્થ દર્શન થવું કઠણ છે; કદાપિ કોઇને તેવું દર્શન થાય તોપણ શબ્દો દ્વારા તેનું યથાર્થ સ્વરૂપ પ્રકાશિત કરવું એ સત્યદષ્ટા અને સત્ય-વાદીને માટે તેથી પણ વધારે મુશ્કેલ છે. કોઇ અલ્પાંશે પણ એવું કઠણ કાર્ય કરવા બહાર પડે તો યે દેશ, કાલ, પરિસ્થિતિ,

ભાષા, અને શૈલી આદિના અનિવાર્ય ભેદોને લઇને એ દરેકના પ્રકાશનમાં કાંઇને કાંઇ વિરોધ યા ભેદ દેખાય એ અનિવાર્ય છે. આ તો થઇ પૂર્ણદર્શી અને સત્યવાદી એવા ગણ્યાગાંઠ્યા મનુષ્યોની વાત, કે જેમને આપણે માત્ર કલ્પના અને અનુભવ દ્વારા જ સમજી તેમજ માની શકીયે છીએ; સાક્ષાત્ અનુભવથી નહિ. આપણો અનુભવ તો સાધારણ મનુષ્યો સુધી જ પહોંચી શકે છે; સાધારણ મનુષ્યોમાં પણ કેટલાક યથાર્થવાદી હોવા છતાંય અપૂર્ણદર્શી હોય છે. આ સ્થિતિમાં યથાર્થવાદિતા હોવા છતાંય અપૂર્ણદર્શી હોવાને તેમજ પ્રકાશન કરવાની પૂર્ણ સામગ્રી ન હોવાને કારણે સત્યપ્રિય મનુષ્યોની સમજમાં પણ કોઇ કોઇવાર ફરક પડે છે અને સંસ્કારભેદ તેમાં પારસ્પરિક વ્યૂહ જન્માવે છે. એ રીતે પૂર્ણદર્શી અને અપૂર્ણદર્શી એ સર્વ સત્યવાદીઓ દ્વારા અંતે ભેદ અને વિરોધની સામગ્રી સ્વયમેવ ઉત્પન્ન થાય છે અથવા બીજા લોકો તેમાંથી એવી સામગ્રી ઉત્પન્ન કરી જ લ્યે છે.

આવી વસ્તુસ્થિતિ જોઇને ભ૦ મહાવીરે વિચાર્યું કે એવો કયો રસ્તો છે કે જે વડે વસ્તુનું પૂર્ણ કે અપૂર્ણ સત્યદર્શન કરનારને અન્યાય ન થાય. અપૂર્ણ અને આપણાથી વિરોધી હોવા છતાં જો બીજાનું દર્શન સત્ય હોય, તો તેવીજ રીતે અપૂર્ણ અને બીજાથી વિરોધી હોવા છતાં આપણું દર્શન પણ સત્ય હોઇ શકે. આમ બન્નેને ન્યાય મળી શકે તેનો ઉપાય કયો? ચિંતનપ્રધાન તપના પરિણામે ભગવાનને અનેકાંતદૃષ્ટિ સૂઝી, તેમના સત્યશોધનનો સંકલ્પ

સિદ્ધ થયો; આવી રીતે પ્રાપ્ત થયેલ અનેકાંતદષ્ટિની ચાવી-વડે તેમણે વ્યક્તિગત અને સમૂહગત જીવનની વ્યાવહારિક અને પારમાર્થિક સમસ્યાના તાળાં ખોલી દીધાં અને સમાધાન મેળવ્યું. તે પછી તેમણે જીવનોપયોગી વિચાર અને આચારનું નિર્માણ કરતી વખતે અનેકાંતદષ્ટિ માટે નીચેની શરતો મૂકી અને તેનું પાલન કરી તે શરતોનો ઉપદેશ દીધો. તે શરતો આ રહી;

(૧) રાગ અને દ્વેષજન્ય સંસ્કારોને તાબે ન થવું-અર્થાત્ તેજસ્વી માધ્યસ્થ્ય ભાવ રાખવો. (૨) જ્યાંસુધી માધ્યસ્થ્યભાવનો પૂર્ણ વિકાસ ન થાય ત્યાં સુધી તે લક્ષ્ય પર ધ્યાન દઇ માત્ર સત્યની જિજ્ઞાસા રાખવી. (૩) ગમે તેવા વિરોધી દેખાતા પક્ષથી ગભરાવું નહિ અને પોતાના પક્ષની માફક તે પક્ષ પર પણ આદરપૂર્વક વિચાર કરવો; આપણા પક્ષ પર પણ વિરોધી પક્ષની માફક તીવ્ર સમાલોચનદષ્ટિ રાખવી. (૪) પોતાના કે બીજાના અનુભવોમાંથી જે જે અંશ ઠીક માલુમ પડે-ગમે તો તે વિરોધી કેમ ન હોય તે સર્વનો વિવેકપ્રજ્ઞાથી સમન્વય કરવાની ઉદારતાનો અભ્યાસ કરવો અને અનુભવ વધતાં પ્રથમના સમન્વયમાં ભૂલ લાગે ત્યારે મિથ્યાભિમાન તજી સુધારો કરવો અને એ જ ક્રમે આગળ ધપવું.

અનેકાંતના સાહિત્યનો વિકાસ

ભગવાન મહાવીરે અનેકાંતદષ્ટિને પોતાના જીવનમાં ઉતારી અને તે પછી તેનો ઉપદેશ બીજાઓને આપ્યો; તેથી

અનેકાંતની સ્થાપના અને પ્રચારમાં તેમની પાસે અનુભવ–બલે અને તપોબલ પૂરતાં હતાં. પરિણામે તેમના મૂલ ઉપદેશમાંના જે કાંઇ પ્રાચીન અવશેષો આજે મળે છે તે આગમ ગ્રંથોમાં, આપણને અનેકાંતદૃષ્ટિ સ્પષ્ટ રૂપે મળે છે; પરંતુ તર્કવાદ અને ખંડનમંડનની જટિલ જાલ જે પાછળના સાહિત્યમાં મળે છે તે તેમાં નથી મળતી. એ આગમ ગ્રંથોમાં અનેકાંતદૃષ્ટિનું સરળ સ્વરૂપ અને તેના સંક્ષિપ્ત વિભાગ આપણને નજરે પડે છે; પરંતુ ભ૦ મહાવીરની પછી તેમની દૃષ્ટિ પ્રમાણે સંપ્રદાય કાયમ થયો અને તેમનો અનુગામી સમાજ સ્થિર થઇ વધવા લાગ્યો ત્યારે ચારે તરફથી અનેકાંતદૃષ્ટિ પર હુમલા થવા લાગ્યા. મહાવીરના અનુગામી આચાર્યોમાં ત્યાગ અને પ્રજ્ઞા હોવા છતાં પણ મહાવીરની માફક જીવનનો સ્પષ્ટ અનુભવ અને તપ ન હતાં; તેથી એવા હુમલાથી બચવા માટે નૈયાયિક ગૌતમ અને વાત્સ્યાયનની માફક વાદકથા ઉપરાંત જલ્પ અને વિતંડાનો પણ તેઓએ આશ્રય લીધો. અનેકાંતદૃષ્ટિનાં જે તત્ત્વો તેમને વારસામાં મળ્યાં હતાં તેના સંરક્ષણ અર્થે પોતાની શક્તિ અનુસાર તેમણે કોઇવાર વાદ, કોઇવાર જલ્પ, અને કોઇવાર વિતંડાનો પણ ઉપયોગ કર્યો; પરંતુ તેની સાથે જ તેમણે અનેકાંતદૃષ્ટિને નિર્દોષ પૂરવાર કરીને તેનો પ્રચાર કરવાની ભાવનાથી વિદ્વાનોમાં અનેકાંતદૃષ્ટિનાં અનેક મર્મો પ્રગટ કર્યાં અને તેની ઉપયોગિતા સ્થાપન કરી. આ ખંડ-નમંડન, સ્થાપન અને પ્રચારનાં છેલ્લાં બે હજાર વર્ષો

દરમિયાન ભ૦ મહાવીરના શિષ્યોએ માત્ર અનેકાંતવિષયક જ એટલા બધા ગ્રંથો લખ્યા છે કે જેનું એક નાનકડું પુસ્તકાલય બનાવી શકાય. પૂર્વ-પશ્ચિમ અને દક્ષિણ-ઉત્તર હિંદના બધા ભાગોમાં જુદા જુદા સમયે ઉત્પન્ન થયેલ નાના મોટા આચાર્યોએ અનેક ભાષાઓમાં કેવલ અનેકાંત-દૃષ્ટિ અને તેમાંથી ફલિત થતા વાદો પર દંડકારણ્યથી પણ કાંઇક વિસ્તૃત, સૂક્ષ્મ અને જટિલ ચર્ચા કરી છે. શરૂઆતમાં જે સાહિત્ય અનેકાંતદૃષ્ટિના અવલંબન દ્વારા ઉત્પન્ન થયું હતું તેની જગ્યાએ પાછળનું સાહિત્ય-ખાસ કરીને તાર્કિક સાહિત્ય-મુખ્યત્વે કરીને અનેકાંતદૃષ્ટિના નિરૂપણ અને તેના પર અન્ય વાદિઓએ કરેલ આક્ષેપોના પરિહાર માટે જ રચાયું. આમ સંપ્રદાયની રક્ષા અને પ્રચારની ભાવનામાંથી અનેકાંતવિષયક સાહિત્યનો જે વિકાસ થયો છે તેનું વર્ણન કરવા માટે ખાસ એક પુસ્તકની જરૂર છે. અહીં તો માત્ર એટલું જ કહી શકાય કે સમંતભદ્ર અને સિદ્ધસેન, હરિભદ્ર અને અકલંક, વિદ્યાનંદિ અને પ્રભાચંદ્ર, અભયદેવ અને વાદિદેવસૂરિ તથા હેમચંદ્ર અને યશોવિજયજી આદિ વિચાર-કોએ અનેકાંતદૃષ્ટિના વિષયમાં જે જે લખ્યું છે તે ભારતીય દાર્શનિક સાહિત્યમાં ખાસ કરીને ગૌરવ મેળવે એવું છે અને તેમાંથી વિચારકોને મનન કરવા જેવી ઘણી યોગ્ય સામગ્રી સાંપડે એમ છે.

ફલિત વાદો

અનેકાંતદૃષ્ટિ તો એક મૂલ છે; તેના ઉપરથી અને તેના આશ્રયથી વિવિધ વાદો તથા ચર્ચાઓનો શાખા પ્રશા-

ખાઓની માફક સારો વિસ્તાર થયેલો છે; તેમાંના બે વાદોની નોંધ લેવા જેવી છે. (૧) 'નયવાદ અને (૨) સપ્તભંગીવાદ' અનેકાંતદૃષ્ટિનો આવિર્ભાવ આધ્યાત્મિક સાધના અને દાર્શનિક પ્રદેશમાં થયો; તેથી તેનો ઉપયોગ પણ પ્રથમ તો તેમાં જ થાય એ અનિવાર્ય હતું. ભગવાન અને તેમના આચાર્યોની સમક્ષ જે જે વિચારધારાઓ ચાલી રહેલી હતી તેનો સમન્વય કરવો એ અનેકાંતદૃષ્ટિ માટે કર્તવ્યરૂપ હતું: આવા ઉપલબ્ધ કાર્યમાંથી જ નયવાદની ઉત્પત્તિ થઇ. ભારતીય દર્શનના વિકાસ પ્રમાણે જો કે કોઈ કોઇ નયના પહેલા અને પછીનાં દૃષ્ટાંતોમાં વિકાસ થયો છે તો પણ નયવાદ દર્શનપ્રદેશમાં ઉત્પન્ન થયેલો હોવાથી તેનાં દૃષ્ટાંતો આજ સુધી દાર્શનિક જ રહ્યાં છે; દરેક નયની વ્યાખ્યા અને તેની ચર્ચાનો વિકાસ થયો છે, પરંતુ તેના દૃષ્ટાંતો તો દાર્શનિક ક્ષેત્રની બહાર ગયાં નથી. સર્વ ક્ષેત્રને વ્યાપ્ત કરવાની શક્તિ ધરાવનાર અનેકાંતવાદનો પ્રથમ આવિર્ભાવ કયા ક્ષેત્રમાં થયો? અને હજારો વર્ષ પછી પણ તેની ચર્ચા કયા ક્ષેત્ર સુધી પરિમિત રહી? આ વાત સમજવાને માટે ઉપરની એક જ વસ્તુ બસ છે.

ભારતીય દર્શનોમાં જૈનેતર દર્શનો જે તે સમયે અતિ-પ્રસિદ્ધ હતાં અને જે પછીથી પણ પ્રસિદ્ધ થયાં તેમાં વૈશેષિક, ન્યાય, સાંખ્ય, ઔપનિષદ–વેદાંત, બૌદ્ધ અને શાબ્દિક –વૈયાકરણ એટલાં જ મુખ્ય છે. તે દર્શનોને પૂર્ણ સત્ય માનવામાં તાત્ત્વિક અને વ્યાવહારિક એમ બંને મુશ્કેલીઓ હતી: તેમને સર્વથા અસત્ય કહેવામાં સત્યનો ઘાત થતો હતો, એટલે જ તેમની વચ્ચે રહી તેમાંથી જ

સત્યગવેષણાનો માર્ગ સરળ રૂપે લોકોની સમક્ષ મૂકવાનો હતો. આનું પરિણામ એ આવ્યું છે કે ઉપલબ્ધ જૈન વાઙ્મયમાં નયવાદના ભેદ પ્રભેદ અને તેનાં ઉદાહરણો ઉક્ત દર્શનો રૂપે તેમજ તેની વિકસિત શાખાઓરૂપે આજ સુધી મળ્યાં કરે છે. વિચારની જેટલી પદ્ધતિઓ તે સમયે પ્રચલિત હતી તેનો સમન્વય કરવાનો પ્રયત્ન અનેકાંત-દૃષ્ટિએ કર્યો અને તેમાંથી નયવાદ જન્મ્યો કે જેના દ્વારા દાર્શનિક ઝઘડા શાંત કરી શકાય; પરંતુ બીજી બાજુ ધીરજ અને પૂરતી સમજના અભાવે પ્રત્યેક વાક્ય પર પંડિતો લડ્યા કરતા. એક પંડિત આત્મા કે બીજી ચીજને 'નિત્ય' કહે તો બીજો તેની સામા ઉભો થઇ તેને 'અનિત્ય' કહેતો; તેવીજ રીતે પહેલો પંડિત બીજાની વિરુદ્ધ બોલી ઉઠતો. આમ માત્ર નિત્યત્વના જ વિષયમાં નહિ, પરંતુ વાદવિવાદ અને તેના પ્રત્યેક અંશમાં ઝઘડા ચાલી રહ્યા હતા. આવી પરિસ્થિતિ જોઇને અનેકાંતદૃષ્ટિવાળા તત્કાલીન આચાર્યોએ તે ઝગડાનો અંત અનેકાંતદૃષ્ટિદ્વારા લાવવાની ઇચ્છા કરી, અને તેમના પ્રયત્નોના પરિણામે 'સપ્તભંગીવાદ' જન્મ્યો. અનેકાંતદૃષ્ટિના પ્રથમ ફલરૂપ નયવાદમાં દર્શનોને સ્થાન મળ્યું અને તેના બીજા ફલરૂપ સપ્તભંગીવાદમાં વસ્તુના વિષયમાં પ્રચલિત વિરોધી કથનો યા વિચારોને સ્થાન મળ્યું. પહેલા વાદમાં સમુદાયરૂપે સર્વ દર્શનો સંગ્રહાયેલાં અને બીજામાં દર્શનોના વિરોધી મંતવ્યોનો સમન્વય છે. પ્રત્યેક ફલિતવાદની સૂક્ષ્મ ચર્ચા અને તેના ઇતિહાસને અત્ર સ્થાન નથી અને અત્યારે તેટલો અવકાશ પણ નથી; તેમ

છતાં પણ એટલું તો કહેવું જરૂરનું છે કે અનેકાંતદષ્ટિ એ જ ભ૦ મહાવીરની મૂળ દષ્ટિ છે અને તે સ્વતંત્ર દષ્ટિ છે; નયવાદ અને સપ્તભંગીવાદ આદિ તે દષ્ટિના ઐતિહાસિક પરિસ્થિતિ અનુસાર પ્રાસંગિક ફ્લો માત્ર છે. તેથી નય અને સપ્તભંગી આદિ વાદોનું સ્વરૂપ તેમજ તેનાં ઉદાહરણો આદિ બદલી શકાય, પરંતુ અનેકાંતદષ્ટિનું સ્વરૂપ તો એક જ પ્રકારનું રહી શકે છે. જો કે તેનાં ઉદાહરણો બદલી શકાય.

અનેકાંતદૃષ્ટિની અસર

જ્યારે અન્ય વિદ્વાનોએ અનેકાંતદષ્ટિને તત્ત્વરૂપે સ્વીકારવાને બદલે સાંપ્રદાયિક વાદ રૂપે ગ્રહણ કરી ત્યારે તેના પ્રતિ ચારે બાજુએથી આક્ષેપોના પ્રહાર થયા. બાદરાયણ જેવા સૂત્રકારોએ તો તેના ખંડન માટે સૂત્રો રચ્યાં અને એ સૂત્રોના ભાષ્યકારોએ તેના પર ભાષ્યો લખ્યાં. વસુબંધુ, દિગ્નાગ, ધર્મકીર્તિ, શાંતરક્ષિત જેવા મહાન પ્રભાવશાળી બૌદ્ધ વિદ્વાનોએ પણ અનેકાંતવાદની પૂરી ખબર લીધી. બીજી બાજુ જૈન વિદ્વાનોએ પણ તેનો પ્રતિકાર–સામનો કીધો. આ પ્રચંડ સંઘર્ષણના અનિવાર્ય પરિણામરૂપે અનેકાંતદષ્ટિનો તર્કબદ્ધ વિકાસ થયો અને તેનો પ્રભાવ અન્ય વિરોધી સાંપ્રદાયિક વિદ્વાનો પર પણ પડ્યો. પ્રચંડ દિગંબરાચાર્યો અને પ્રકાંડ મીમાંસક તેમજ વેદાંતી વિદ્વાનો વચ્ચે દક્ષિણ હિંદમાં જે શાસ્ત્રાર્થનું દ્વન્દ્વ યુદ્ધ થયું તેનું પરિણામ એ આવ્યું કે અનેકાંતદષ્ટિની જ અસર વધારે

વ્યાપક બની અને તે એટલે સુધી કે રામાનુજ જેવા જૈન-ત્વના વિરોધી એવા પ્રખર આચાર્યોએ શંકરાચાર્યના માયાવાદની વિરુદ્ધ પોતાના મતસ્થાપન સમયે આશ્રય તો સ્વમાન્ય ઉપનિષદોનો લીધો, પરંતુ તેમાંથી વિશિષ્ટાદ્વૈતનું નિરૂપણ કરતી વખતે અનેકાંતદૃષ્ટિનો ઉપયોગ કર્યો અર્થાત્ રામાનુજે પોતાની શૈલીથી અનેકાંતદૃષ્ટિને વિશિષ્ટાદ્વૈતની ઘટનામાં પરિણત કરી; એને ઉપનિષદ-તત્ત્વોનો જામો પહેરાવી અનેકાંતદૃષ્ટિમાંથી વિશિષ્ટાદ્વૈતવાદ ખડો કરી અનેકાંતદૃષ્ટિ પ્રતિ આકર્ષાયેલી જનતાને વેદાંત માર્ગપર સ્થિર કરી. પુષ્ટિમાર્ગનો પુરસ્કર્તા વલ્લભ જે દક્ષિણ હિંદમાં થયો તેના શુદ્ધાદ્વૈતવિષયક સર્વ તત્ત્વો તો ઔપનિષદિક છે; પરંતુ તેની સર્વ વિચારસરણી અનેકાંત-દૃષ્ટિનો નવો વેદાંતી સ્વાંગ છે. બીજી બાજુ ઉત્તર અને પશ્ચિમ હિંદમાં બીજા વિદ્વાનો સામે શ્વેતાંબરીય મહાન વિદ્વાનોનું પણ દ્વન્દ્વ થયું અને તેના ફલરૂપે પણ અનેકાંતવાદની અસર જનતામાં પ્રસરી, અને સાંપ્રદાયિક ઢબે અનેકાંતવાદનો વિરોધ કરનારાઓએ જાણ્યે અજાણ્યે પણ અનેકાંતદૃષ્ટિને અપનાવી; આમ વાદરૂપે અનેકાંતદૃષ્ટિ આજ સુધી જૈનોની જ રહી છે; તેમ છતાં પણ તેની અસર કોઈને કોઈ રૂપે—અહિંસાની માફક વિકૃત યા અર્ધવિકૃતરૂપે હિંદના દરેક ભાગમાં ફેલાઈ છે; જેની સાબીતી હિંદના સર્વ ભાગોના સાહિત્યમાંથી મળી શકે છે.

વ્યવહારમાં અનેકાંતનો ઉપયોગ ન કરવાનું પરિણામ

જે સમયે રાજકીય ક્રાંતિનું અનિષ્ટ પરિણામ સ્થાયી-

રૂપે ધ્યાનમાં આવ્યું ન હતું, સામાજિક બદીઓ આજની માફક ખટકતી ન હતી, ઔદ્યોગિક અને ખેતીની સ્થિતિ આજની માફક અસ્તવ્યસ્ત ન હતી, સમજપૂર્વક યા સમજ્યા વિના પણ લોકો પોતાની સ્થિતિ પર સંતુષ્ટ હતા અને જ્યારે અસંતોષનો દાવાનલ આજની માફક ચારે બાજુ વ્યાપક બનેલો ન હતો ત્યારે આધ્યાત્મિક સાધનામાંથી ઉત્પન્ન થયેલ અનેકાંતદૃષ્ટિએ કેવલ દાર્શનિક પ્રદેશોમાં રહી માત્ર ચર્ચા તેમજ વાદવિવાદનો વિષય બની જીવનથી જુદો રહેવા છતાં પણ પોતાનું અસ્તિત્વ ટકાવ્યું, કાંઈક પ્રતિષ્ઠા પણ મેળવી; જે સર્વ તે સમય માટે બરાબર હતું, પરંતુ આજે એ સ્થિતિ પલટાઈ છે. દુનિયાના ગમે એ ધર્મનાં તત્ત્વો ભલે ગંભીર હોય, પરંતુ જો તે માત્ર ધર્મની સંસ્થાઓ, તેના પંડિતો અને ધર્મગુરુઓનાં પ્રવચનો સુધીમાં જ પરિમિત–સંકુચિત રહેશે તો આ વૈજ્ઞાનિક પ્રભાવવાળા યુગમાં તેની કદર પુરાણી કબરથી વધારે તો નથી જ થવાની. અનેકાંતદૃષ્ટિ તથા તેની આધારભૂત અહિંસા એ બે તત્ત્વો મહાનમાં મહાન છે; તેના પ્રભાવ અને પ્રતિષ્ઠા જમાવવામાં જૈન સંપ્રદાયનો ભારે હિસ્સો પણ છે, પરંતુ આ વીસમી સદીના ગહન રાષ્ટ્રીય અને સામાજિક જીવનમાં તે તત્ત્વોથી જો કાંઈ ફાયદો ન થાય તો મંદિર, મઠ કે ઉપાશ્રયમાં હજારો પંડિતો દ્વારા કોલાહલ મચાવવા છતાં પણ તેને કોઈ પૂછવાનુંય નથી એ નિઃસંશય વાત છે. જૈન-લિંગધારી સેંકડો ધર્મગુરુઓ અને સેંકડો પંડિતો અનેકાંતના વાળ તો નિરંતર પીંખ્યા કરે છે અને અહિંસાની

સૂક્ષ્મ ચર્ચાઓ કરી લોહી સૂકાવે છે તેમજ માથાફોડ કરે છે; તેમ છતાં પણ લોકો પોતાની સ્થિતિના સમાધાન માટે તેમની પાસે નથી જ જતા. કોઇ યુવક તેમની પાસે પહોંચી જાય અને તેને પૂછે કે 'આપની પાસે જ્યારે સમાધાનકારી અનેકાંત દૃષ્ટિ અને અનેકાંત તત્ત્વ મોજુદ છે ત્યારે આપ બીજાઓ -જૈ તરોની માફક માંહોમાંહે તકરાર શા માટે કરો છો ? મંદિર, તીર્થ. ધાર્મિક અને સામાજિક રીતરીવાજો જેમકે—વેશ કેટલો અને કેમ રાખવો ? હાથમાં શું અને કેમ પકડવું ? આદિ છોકરમત વાતોને માટે આપ માંહોમાંહે કેમ ઝઘડો છો ? શું આપનો અનેકાંતવાદ એ વિષયમાં કોઇ માર્ગ કાઢી આપતો નથી ? શું આપના અનેકાંતવાદ અને અહિંસા તત્ત્વમાં પ્રીવીકાઉન્સીલ, હાઇકોર્ટ અથવા મામુલી અદાલત જેટલી પણ સમાધાનકારક શક્તિ નથી ? શું આપની અહિંસા આપણી સૂક્ષ્મ ચર્ચાને માટે મારામારી કરવામાં અને અહિંસાની ઉપેક્ષા કરવામાં અયોગ્યતા નથી દર્શાવતી ? અમારી રાજકીય અને સામાજિક અવનતિને ઉન્નતિમાં લઇ જવાની શક્તિ શું આ બે તત્ત્વમાં નથી ? જો આ સર્વ પ્રશ્નોના સરળ અને સમાધાનકારક ઉત્તર આપ 'હા' માં ના આપી શકો તો આપની પાસે આવીને અમે શું કરવાના ? અમારા જીવનમાં તો ડગલે અને પગલે અનેક મુશ્કેલીઓ આવ્યાં કરે છે તેને પહોંચી વળ્યા વિના જો અમે હાથમાં પોથી રાખી કથંચિત્ એકાનેક, કથંચિત્ ભેદાભેદ અને કથંચિત નિત્યાનિત્યનું ખાલી નાકું પકડી રાખીએ તો અમને શો લાભ થાય ? તથા

અમારા વ્યાવહારિક તેમજ આધ્યાત્મિક જીવનમાં શો ફેર પડે? આ સઘળા પ્રશ્નો સ્વાભાવિક છે; પરંતુ તેનો ઉત્તર આજે તેમના પાસેથી મળવો અસંભવિત છે.

એમાં સંદેહ નથી કે અહિંસા અને અનેકાંતની ચર્ચા વાળી પોથીઓની, એ પોથીઓના ભંડારોની, તેના રચનારના નામોની, તથા તેના રચનાસ્થાનની એટલી બધી પૂજા થાય છે કે તેમાં માત્ર ફુલ જ નહિ પણ, સોના ચાંદી અને ઝવેરાતના પણ ઢગલા થઇ જાય છે; તો પણ તે પૂજન કરનાર અને કરાવનારના જીવન બીજા સામાન્ય માણસની માફક પામર જ દેખાય છે; બીજી તરફ નજર કરતાં અમને સ્પષ્ટ દેખાય છે કે હિંસાની સાપેક્ષ સૂચના કરનાર ગાંધીજીના અહિંસા તત્ત્વ તરફ આખી દુનીઆ જોઈ રહી છે અને તેમના સમન્વયશીલ વહેવારના કારણે તેમના પ્રતિપક્ષો પણ આશ્ચર્ય પામે છે. ભ૦ મહાવીરની અહિંસા અને અનેકાંતની દાંડી પીટનારા તરફ કોઈ બુદ્ધિમાન આંખ પણ ફેરવતા નથી; જ્યારે ગાંધીજીની તરફ આખો વિચારશીલ વર્ગ ધ્યાન આપી રહ્યો છે. આ તફાવતનું કારણ શું? આ સવાલના જવાબમાં જ બધું આવી જાય છે.

હવે કેવો ઉપયોગ થવો જોઇએ?

અનેકાંતદૃષ્ટિ જો આધ્યાત્મિક માર્ગમાં સફળ થઈ શકે અને અહિંસાનો સિદ્ધાન્ત જો આધ્યાત્મિક કલ્યાણનું સાધન થઇ શકે તો એમ માનવું જોઇએ કે એ બન્ને તત્ત્વ વ્યાવહારિક જીવનના પણ કલ્યાણકારક સાધન અવશ્ય થઇ

શકે; કારણ કે જીવન વ્યાવહારિક હોય કે આધ્યાત્મિક, પરંતુ તેની શુદ્ધિના સ્વરૂપમાં ભિન્નતા નથી હોતી: અને આપણે માનીએ છીએ કે જીવનની શુદ્ધિ અનેકાંતદૃષ્ટિ અને અહિંસા સિવાય બીજે પ્રકારે થઇ શકતી નથી. એથી જ આપણે આધ્યાત્મિક કે વ્યાવહારિક ગમે તે જીવન પસંદ કરીએ તો પણ જો તેને ઉચ્ચ બનાવવું હોય તો તે જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં અનેકાંતદૃષ્ટિ અને અહિંસા તત્ત્વને વિચારપૂર્વક લાગુ પાડવાં જોઇએ. જેઓ વ્યાવહારિક જીવનમાં આ બે તત્ત્વોના પ્રયોગ શક્ય માનતા નથી તેમને કહેવાતા આધ્યાત્મિક જીવનને અથવા પશુજીવનને ધારણ કરવું જોઇએ. આ દલીલના ફળ રૂપે છેલ્લો પ્રશ્ન એ છે કે આ સમયે આ બે તત્ત્વોનો ઉપયોગ વ્યાવહારિક જીવનમાં કેમ કરી શકાય ? તેના ઉત્તરમાં જ અનેકાંતવાદની મર્યાદા છે.

જૈન સમાજના વ્યાવહારિક જીવનની કેટલીક સમસ્યાઓ આ છે:—

૧ આખા વિશ્વની સાથે જૈનધર્મનો અમલી મેળ કેટલો અને કેવા પ્રકારે થઇ શકે છે ?

૨ રાષ્ટ્રીય અવનતિ કે ઉન્નતિના સમયે જૈનધર્મ કેવો વહેવાર રાખવાની છૂટ આપે છે ?

૩ સામાજિક અને સાંપ્રદાયિક ભેદો તથા ફાટફુટોને મટાડવાની જૈનધર્મમાં કેટલી શક્તિ છે ?

જો આ સમસ્યાઓનો ઉકેલ કરવા માટે અનેકાંત-દૃષ્ટિ તથા અહિંસાનો ઉપયોગ થઇ શકે તો તે ઉપયોગ જ

એ બે તત્ત્વોની પ્રાણપૂજા છે અને જો એવો ઉપયોગ ન થઇ શકે તો એ બે તત્ત્વોની પૂજા એ માત્ર મૂર્તિપૂજા અથવા તો માત્ર શબ્દપૂજા જ હોઇ શકે, પરંતુ જ્યાં સુધી મેં ઉંડો વિચાર કર્યો છે ત્યાં સુધી મને સ્પષ્ટ માલુમ પડ્યું છે કે ઉપરના ત્રણ જ નહિ પણ બીજા એવા અનેક પ્રશ્નોના વ્યાવહારિક ખુલાસા, જો બુદ્ધિ હોય તો, અનેકાંતદૃષ્ટિ અને અહિંસાના સિદ્ધાંતદ્વારા શોધી શકાય તેમ છે. દા૦ ત૦ જૈનધર્મ પ્રવૃત્તિમાર્ગ છે કે નિવૃત્તિમાર્ગ છે? આ પ્રશ્નનો ઉત્તર અનેકાંતદૃષ્ટિની યોજના દ્વારા રાષ્ટ્રીય કાર્યની અપેક્ષાએ એમ આપી શકાય કે જૈનધર્મ પ્રવૃત્તિ નિવૃત્તિ એ બન્ને માર્ગાવલંબી છે. દરેક ક્ષેત્રમાં જ્યાં સેવાનો પ્રસંગ હોય ત્યાં અર્પણની પ્રવૃત્તિનો આદેશ કરવાને કારણે જૈનધર્મ પ્રવૃત્તિગામી છે અને જ્યાં ભોગવૃત્તિનો પ્રસંગ હોય ત્યાં નિવૃત્તિનો આદેશ કરવાને કારણે તે નિવૃત્તિગામી પણ છે; પરંતુ જેમ આજ દેખાય છે તેમ ભોગમાં અર્થાત્ બીજાઓની પાસેથી સગવડ ગ્રહણ કરવામાં પ્રવૃત્તિ કરવી અને યોગમાં અર્થાત્ બીજાઓને આપણી સગવડ આપવા નિવૃત્તિ ધારણ કરવી તે અનેકાંત તથા અહિંસાનું વિકૃતરૂપ અથવા તેનો સ્પષ્ટ ભંગ છે. શ્વેતાંબરીય અને દિગંબરીય ઝઘડામાંથી કોઇ કોઇ લઇ એ ઉપર અનેકાંતદૃષ્ટિ લાગુ પાડવી જોઇએ. નગ્નત્વ અને વસ્ત્રધારણના વિષયમાં તથા સ્ત્રીના મોક્ષના સંભવ અસંભવના વિષયમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બે નયોનો બરાબર સમન્વય થઇ શકે છે. જૈનત્વ અર્થાત્ વીતરાગત્વ એ તો દ્રવ્ય

–સામાન્ય છે અને નગ્નત્વ તથા વસ્ત્રધારણ તેમજ નગ્નત્વ તથા વસ્ત્રધારણનું વિવિધ સ્વરૂપ એ સર્વ પર્યાય-વિશેષ છે, ઉક્ત દ્રવ્ય શાશ્વત છે, પરંતુ તેના ઉક્ત પર્યાય સર્વ અશાશ્વત તથા અવ્યાપક છે. પ્રત્યેક પર્યાય જો દ્રવ્યસંબંદ્ધ–દ્રવ્યબાધક ન હોય તો તે સત્ય છે; અન્યથા સર્વ અસત્ય છે. તેવી જ રીતે જીવનશુદ્ધિ એ દ્રવ્ય છે અને સ્ત્રીત્વ તેમજ પુરુષત્વ એ બે પર્યાય છે. આ જ વાત તીર્થના તેમજ મંદિરના હક્કોના વિષયમાં ઘટાવવી જોઈએ. ન્યાત, જાત અને ફિરકાના વિષયમાં ભેદાભેદભંગીનો ઉપયોગ કરવાથી ઝઘડા મટવા જોઈએ. ઉત્કર્ષના સર્વ પ્રસંગોમાં એકત્ર થવું અને અપકર્ષના પ્રસંગોમાં સહકાર ન આપવો; એ જ પ્રકારે વૃદ્ધલગ્ન, અનેક પત્નિગ્રહણ, પુર્નવિવાહ જેવા વિવાદવાળા વિષયોમાં પણ કથંચિત્ વિધેય અવિધેયની ભંગીનો ઉપયોગ કર્યા વિના સમાજ એક રૂપે જીવિત ન રહી શકે.

ગમે તે પ્રકારે વિચાર કરીએ તો આજની પરિસ્થિતિમાં એ તો નક્કી છે કે જેમ સિદ્ધસેન, સમંતભદ્ર આદિ પૂર્વાચાર્યોએ પોતાના સમયના વિવાદાસ્પદ પક્ષ, પ્રતિપક્ષ ઉપર અનેકાંત તથા તેમાંથી પરિણમેલ નય આદિ વાદોનો પ્રયોગ કર્યો તેમ આજે પણ ઉપસ્થિત પ્રશ્નો ઉપર તેનો જ પ્રયોગ કરવો જોઇએ; જો આપણે તેમ કરવા તૈયાર ન થઇએ તો ઉત્કર્ષની અભિલાષા રાખવાનો આપણને કાંઇ હક્ક નથી.

અનેકાંતની મર્યાદા એટલી વિસ્તૃત અને વ્યાપક છે કે તે દ્વારા સર્વ વિષયો પર પ્રકાશ પાડી શકાય છે; તેથી

એમ ભય રાખવાનું કારણ નથી કે પૂર્વાચાર્યોએ પ્રસ્તુત વ્યાવહારિક વિષયો પર ચર્ચા કરી નથી તો પછી તે કેમ કરી શકાય? શું એ ઉચિત સમજાશે કે જ્યારે એક તરફ સમાજમાં ઐક્યની જરૂર હોવા છતાં પણ તે નાની નાની જ્ઞાતિઓ અને તડોમાં વ્હેંચાઇ બરબાદ થાય છે; બીજી બાજુ વિદ્યા અને ઉદ્યોગની જીવનપ્રદ સંસ્થાઓમાં બલ દેવાને બદલે ધન, બુદ્ધિ અને સમયનો સઘળો ઉપયોગ તીર્થોના ઝઘડાઓમાં સમાજ કરી રહ્યો છે, ત્રીજી બાજુ જે વિધવાઓમાં સંયમ પાળવાની શકિત નથી તેમના પર બલાત્કારથી સંયમનો બોજો સમાજ લાદી રહ્યો છે અને જેઓનામાં સંયમ પાળવાની અને વિદ્યાગ્રહણ કરવાની શકિત છે તે વિધવાઓને માટે કોઈ જાતનો પ્રબંધ પણ નથી? આ પરિસ્થિતિમાં સમાજના કલ્યાણની અભિલાષા કેમ રાખી શકાય? અને જ્યારે અમારા જેવા પંડિતો **સન્મતિતર્ક,આપ્તમીમાંસા,**અનેકાંત અને નયવાદના વિષયના શાસ્ત્રાર્થ કરવામાં દિવસ રાત માથાફોડ કર્યા કરે ત્યારે? જેમનામાં વ્યવહારબુદ્ધિ હશે અને જેની પ્રજ્ઞા–જ્ઞાન અને વિવેક જાગૃત હશે તે તો એમજ કહેશે કે અનેકાંતની મર્યાદામાંથી એક સમયે **આપ્તમીમાંસા** અને **સન્મતિ** આદિનો જન્મ થયો હતો તેમજ તેની મર્યાદામાંથી આજે '**સમાજમીમાંસા**' અને '**સમાજતર્ક**' નો જન્મ થવો જોઇએ અને તેના દ્વારા અનેકાંતના ઇતિહાસનું એક ઉપયોગી પાનું લખાતું જાઇએ.

(હિંદી માસિક અનેકાંતમાંથી)